# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તિયાનજિનમાં SCO સમિટમાં જણાવ્યું કે, આતંકવાદ પર બેવડા ધોરણો અસ્વીકાર્ય.**
2. **તિયાનજિન SCO સમિટના ઘોષણાપત્રમાં આતંકવાદ સામે સ્પષ્ટ અને એકીકૃત સંદેશ અપાયો.**
3. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જમ્મુના પૂરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યું.**
4. **કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રીએ આજે નવી દિલ્હીમાં ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસ- IMC 25 એપ્લિકેશન લોન્ચ કરી.**
5. **અફઘાનિસ્તાનમાં આવેલા વિનાશક ભૂકંપમાં 600થી વધુના મોત અને 1500થી વધુ ઇજાગ્રસ્ત.**

…………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM SCO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે આતંકવાદ પર બેવડા ધોરણો અસ્વીકાર્ય છે. તિયાનજિનમાં SCO સમિટમાં આજે પોતાનું નિવેદન આપતા, શ્રી મોદીએ આતંકવાદને માનવતા માટે એક મોટો પડકાર ગણાવ્યો, અને કહ્યું કે તમામ સ્વરૂપોમાં આતંકવાદની ટીકા કરવી જોઈએ.

## BYTE - PM-DUBBLE STANDERED

શ્રી મોદીએ કહ્યું કે ભારત છેલ્લા ચાર દાયકાથી આતંકવાદનો સામનો કરી રહ્યું છે. તેમણે પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારતની પડખે ઉભા રહેનારા દેશોનો આભાર માન્યો.

## BYTE - PM-TERROR

પ્રધાનમંત્રીએ SCO માટે ભારતનું વિઝન અને નીતિ ત્રણ મહત્વપૂર્ણ સ્તંભો - સુરક્ષા, જોડાણ અને તક પર આધારિત હોવાનું જણાવ્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધમાં રશિયા અને યુક્રેન વચ્ચેના સંઘર્ષને ઝડપથી ઉકેલવા પર ભાર મૂક્યો હતો..

## BYTE - PM UKRAIN

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SCO DECLERATION

શાંઘાઈ સહકાર સંગઠન (SCO) ના રાષ્ટ્રોના વડાઓની બેઠક બાદ આજે બહાર પાડવામાં આવેલ તિયાનજિન ઘોષણાપત્રમાં આતંકવાદ સામે સ્પષ્ટ અને એકીકૃત સંદેશ આપવામાં આવ્યો છે, સાથે જ પ્રાદેશિક સહયોગ અને નવીનકરણમાં ભારતના વધતા યોગદાનને પણ સ્વીકૃતિ આપવામાં આવી છે.

સભ્ય દેશોએ પહેલગામમાં થયેલા તાજેતરના આતંકવાદી હુમલાની સખત નિંદા કરી હતી અને પીડિતોના પરિવારો પ્રત્યે તેમની ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. ઘોષણાપત્રમાં આતંકવાદને પોષનારા- ગુનેગારો, આયોજકો અને પ્રાયોજકોને જવાબદાર ઠેરવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો

આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદ સામે લડવા માટેની તેમની અતૂટ પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરતા, SCO રાષ્ટ્રોએ આવા જૂથોના ઉપયોગને નકારી કાઢ્યો હતો, અને ઉગ્રવાદી ધમકીઓનો સામનો કરવા માટે રાજ્યોના સાર્વભૌમ અધિકાર અને જવાબદારી પર પ્રકાશ પાડ્યો હતો. ઘોષણાપત્રમાં આતંકવાદની તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓની નિંદા કરીને આતંકવાદ સામેની લડાઈમાં બેવડા ધોરણો અસ્વીકાર્ય હોવાનુ ઠરાવાયું હતું..

સભ્ય દેશોએ પ્રાદેશિક નીતિ અને વિકાસ પર અર્થપૂર્ણ સંવાદને પ્રોત્સાહન આપવા બદલ નવી દિલ્હીમાં આયોજિત 20મા SCO થિંક ટેન્ક ફોરમનો પણ સ્વીકાર કર્યો.

તિયાનજિન ઘોષણાપત્ર આતંકવાદ સામેના સામૂહિક પ્રયાસોને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે અને **SCO** છત્ર હેઠળ પ્રાદેશિક સહયોગને આકાર આપવામાં ભારતની ભૂમિકાના વધતા મહત્વને પ્રતિબિંબિત કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## J&K- FLOOD - CENTRE

કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુની મુલાકાત દરમિયાન, ગૃહમંત્રી અમિત શાહે આજે વિક્રમ ચોક અને તાવી પુલ પર પૂરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યું. તેઓ પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ સર્વેક્ષણ પણ કરશે.

આ ઉપરાંત, શ્રી શાહ આજે રાજભવનમાં અધિકારીઓ સાથે બેઠક કરશે. તેમને ઉપરાજ્યપાલ મનોજ સિંહા, ગૃહ મંત્રાલય અને કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા બચાવ, રાહત અને પુનઃસ્થાપન કાર્યો વિશે માહિતી આપવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IMC25 APP-SCINDIA

કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ આજે નવી દિલ્હીમાં ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસ- **IMC 25** એપ્લિકેશન લોન્ચ કરી. આ એપ્લિકેશનનો હેતુ **IMC** નાં પ્રદર્શનમાં વપરાશકર્તાના અનુભવોને વધારવાનો છે.

ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસ **(IMC) 2025** ની નવમી આવૃત્તિ આગામી મહિનાની **8** થી **11** તારીખ દરમિયાન નવી દિલ્હીના યશોભૂમિ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાવાની છે. **IMC 25** ની થીમ 'ઇનોવેટ ટુ ટ્રાન્સફોર્મ' છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે **IMC 2025** એક હજારથી વધુ અત્યાધુનિક ઉપયોગ-કેસ પ્રદર્શિત કરશે, જેમાં **5G, 6G, AI,** ઇન્ટરનેટ ઓફ થિંગ્સ **(IoT),** ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન અને ગ્રીન ટેક સહિત ઉભરતી તકનીકો પર પ્રકાશ પાડવામાં આવશે, જ્યારે વધતી જતી ડિજિટલ દુનિયાના પડકારો અને તકો અંગે ચર્ચા કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

**NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..............

# GANGTOK- NARI REPORT 2025

ભારતમાં મહિલાઓ માટે સલામત શહેર તરીકે નાગાલેન્ડનું પાટનગર કોહિમા પ્રથમ સ્થાને, આંધ્રપ્રદેશનું વિશાખાપટ્ટનમ અને ઓડિશાનું ભુવનેશ્વર અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને, અને મિઝોરમના આઈઝોલે ચોથું સ્થાન મેળવ્યું છે જ્યારે સિક્કિમના પાટનગર ગંગટોકને પાંચમું સ્થાન મળ્યું છે. રાષ્ટ્રીય મહિલા આયોગ દ્વારા જાહેર કરાયેલ રાષ્ટ્રીય વાર્ષિક અહેવાલ અને મહિલા સુરક્ષા સૂચકાંક **(NARI)** ૨૦૨૫ માં ગંગટોકને આ સ્થાન આપવામાં આવ્યું છે.

આ અહેવાલમાં દેશભરમાં સતત પડકારો, ખાસ કરીને રાત્રિના સમયે સલામતી અને ઉત્પીડનના ઓછા રિપોર્ટિંગને લગતા પડકારો પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

જેમાં માળખાગત સુવિધાઓ, ઉત્પીડનની ઘટનાઓ અને રિપોર્ટિંગ, કાર્યસ્થળ સુરક્ષા, અધિકારીઓમાં વિશ્વાસ અને દિવસ વિરુદ્ધ રાત્રિ

સલામતીની ધારણાઓના આધારે સલામતીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RIJIJU - INDIA GDP

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે કે દેશના કુલ ઘરેલુ ઉત્પાદન **GDP**માં  ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં **7.8** ટકાની વૃદ્ધિ જોવા મળી છે. તેમણે ભારતને આત્મનિર્ભર બનાવવા માટે મેક ઇન ઇન્ડિયાને પ્રોત્સાહન આપવા  અને સ્વદેશી અપનાવવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## REV. DAY. AFGHANISTAN-QUAKE

ગઈકાલે અફઘાનિસ્તાનના કુનાર પ્રાંતમાં જલાલાબાદ શહેર નજીક ગઇકાલે આવેલા 6 ની તીવ્રતાના ભૂકંપમાં 600 થી વધુ લોકો માર્યા ગયા અને 1500 અન્ય ઘાયલ થયા હતા. યુએસ ભૂસ્તરશાસ્ત્રીય સર્વે અનુસાર, ભૂકંપનું કેન્દ્ર નંગરહાર પ્રાંતના જલાલાબાદ શહેરથી 27 કિલોમીટર પૂર્વ-ઉત્તરપૂર્વમાં હતું. અફઘાન ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે

વિનાશક ભૂકંપમાં 1,500 થી વધુ લોકો ઘાયલ થયા છે, જેમાં મૃત્યુઆંક 622 થયો છે. કાબુલમાં, આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે બચાવકર્તાઓ ભૂકંપ અને પૂરના લાંબા ઇતિહાસવાળા વિસ્તારમાં દૂરના ગામડાઓ સુધી પહોંચવા માટે દોડી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JAISHANKAR - AFGHANISTAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે અફઘાનિસ્તાનના કુનાર પ્રાંતમાં આવેલા ભૂકંપ પર ચિંતા વ્યક્ત કરી છે. એક સંદેશમાં, શ્રી જયશંકરે અફઘાન લોકોને ભારતનો ટેકો પૂરો પાડતા કહ્યું કે ભારત આ જરૂરિયાતના સમયે અફઘાનિસ્તાનને મદદ કરશે. તેમણે પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોના વહેલા સ્વસ્થ થવાની આશા વ્યક્ત કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## HAMAS-SPOKESPERSON

ઇઝરાયલે હમાસના પ્રવક્તા અબુ ઓબેદાના મૃત્યુની પુષ્ટિ કરી છે. શનિવારે ગાઝા સિટીના હવાઈ હુમલામાં તેનું મોત થયું હતું.

ઇઝરાયલી સંરક્ષણ મંત્રી ઇઝરાયલ કાત્ઝે ટ્વિટ કર્યું કે, હમાસના પ્રવક્તા અબુ ઓબેદા ગાઝામાં માર્યા ગયા હતા. અબુ ઓબેદા લાંબા સમયથી હમાસનો મુખ્ય અવાજ રહ્યા હતા, જે જૂથના નિવેદનો આપતા હતા.

શુક્રવારે, તેમણે તેમનું છેલ્લું નિવેદન જારી કરીને ચેતવણી આપી હતી કે ગાઝા સિટી પર ઇઝરાયલના આયોજિત હુમલાથી બંધકોને હમાસના લડવૈયાઓ જેટલા જ જોખમમાં મુકવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .